**Class XII**
**Gujarati**
**Sample Question Paper**

**Code No.**
**110**

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ વિભાગ (અ) વસ્તુનિષ્ઠ (MCQ) પ્રશ્નો પર આધારિત હશે.<br>➢ દરેક ઉત્તર (MCQ) માટે 1 અંક નિર્ધારિત છે.<br>➢ અ વિભાગ કુલ 40 ગુણનો હશે<br>➢ વિભાગ (બ) વર્ણનાત્મક પ્રશ્નો<br>➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગમાં પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ લેખન વિભાગમાં આવતા પત્રલેખનના પ્રશ્નમાં જો પ્રેષકનું નામ ન આપ્યું હોય તો પત્ર લખતી વખતે વિદ્યાર્થીએ પોતાનું નામ, સરનામું કે પોતાની અને કોઈપણ શહેરની આગવી ઓળખ અપાવી નહિ. જો પ્રશ્નપત્રમાં પ્રેષક અને પ્રતિનું નામ જણાવ્યું હોય તો જ તેનો ઉલ્લેખ પત્રલેખનમાં કરવો.<br>➢ કુલ ગુણ 40<br>➢ પ્રશ્નપત્રમાં ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અવશ્ય લખવો. | The question paper is divided in two parts. Part A objective type questions. (MCQ)<br>Each MCQ carries 1 mark.<br>Total - 40 marks.<br>Part B Subjective Descriptive questions As per the instructions given the questions and answers of this section have to be written.<br>Do not mention your identity or the place.<br>You reside in the answer to this letter writing question. In case name or address is mentioned in the questions, you will have to use the same in your answer.<br>Total - 40 marks.<br>Please write down the serial number of the question before attempting it. |

# ગુજરાતી

## ધોરણ – XII (110)

**સમય – 3 કલાક** **કુલ ગુણ ૮૦**

**Time: 3 Hrs.** **M. M.: 80**

## PART A 40

## (Reading Comprehension)

પ્રશ્ન **1**(અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો. **5**

મણિલાલ નભુભાઈ દ્વિવેદીના શબ્દોમાં કહીએ તો 'આપણું વાચન એ આપણા જીવનનું ખરું પ્રતિબિંબ છે' વાચન એ વ્યક્તિના વ્યક્તિત્વને નિખારીને, કંડારીને પૂર્ણ અને ઉન્નત બનાવે છે. એમણે તો ત્યાં સુધી કહ્યું છે કે કોઈ વ્યક્તિ કેવા પ્રકારનું વાચન કરે છે એ મને કહો તો હું એ વ્યક્તિ કેવો છે તે કહી દઉં. વાચનનો પ્રભાવ વ્યક્તિના માનસને, તેની વિચારસરણીને અને જીવનશૈલીને ધરમૂળથી બદલી નાખે છે એ મહાન ભાષાવિદોએ, વિવેચકોએ અને સમર્થ લેખકોએ સિદ્ધ કરી દીધું છે. આપણી શાળાઓ અને મહાશાળાઓમાં જે ભણાવવામાં આવે છે એના દ્વારા તો વિદ્યાર્થીમાં પલ્લવગ્રાહી પાંડિત્ય જ કેળવાય છે તેનું કારણ એ છે કે શાળાઓમાં લગભગ બધા જ વિષયોનું જ્ઞાન આપીને વિદ્યાર્થીને ડિગ્રી આપવામાં આવે છે. વિદ્યાર્થીઓએ સ્વવિકાસ માટે ઇતર વાચનની ટેવ પાડવી જ જોઈએ. ઇતર વાચન દ્વારા જ પુસ્તકો સાથે મૈત્રી થાય છે. પુસ્તકોની મૈત્રી જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સારાં પુસ્તકો જેવાં કોઈ સાચાં મિત્ર નથી હોતાં. તેઓ આપણા સુખ-દુઃખના સાથી છે. પુસ્તકો સત્યવક્તા અને સ્પષ્ટવક્તા છે. કડવું સત્ય પુસ્તકો જ કહે છે. સારાં પુસ્તકો સુખદુઃખમાં સમભાવ કેળવવાની સીખ આપે છે. મહાન પુરુષોના

જીવનચરિત્રમાંથી જીવન જીવવાની કલા શીખવા મળે છે. ધર્મ પુસ્તકો નૈતિકતા નીતિમત્તા શીખવે છે. વિજ્ઞાન વિષયક પુસ્તક વાંચવાથી જગત સાથે તાલ મેળવીને ચાલી શકીએ છીએ. પ્રવાસવર્ણન વાંચવાથી દુનિયાની સેર કરવાનો આનંદ મેળવી શકીએ છીએ. સારાં પુસ્તકોના વાચનથી શ્રદ્ધા, હિંમત, બહાદુરી, પ્રેમ, ક્ષમા જેવા ગુણો ખીલે છે અને વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજોથી દૂર રહી શકીએ છીએ. કેટલાય લોકોના જીવનમાં પુસ્તકોને લીધે પરિવર્તન આવ્યું છે. રસ્કિનના **'unto the last'** નામના પુસ્તકમાંથી ગાંધીજીને સત્યાગ્રહ કરવાની પ્રેરણા મળી હતી જેને કારણે જ ભારતનું ભાવિ બદલાયું અને ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ કંડારાયું. ભગવદગીતા, બાઈબલ, કુરાન જેવા પુસ્તકોએ લોકોને ઉમદા માર્ગદર્શન આપ્યું છે. ઉત્તમ પુસ્તકોના વાચનથી દૃષ્ટિ વિશાળ અને સમૃદ્ધ થાય છે. પુસ્તકો આપણને કદી છેહ દેતાં નથી. બીજા બધા મિત્રો સ્વાર્થ પૂરો થતા કદીક આપણને ત્યજી દે છે પણ પુસ્તકોની મૈત્રી અતૂટ છે.

પ્રશ્નો-

1. વાચન વ્યક્તિના વ્યક્તિત્વ કેવું બનાવે છે?
   - **A.** સરળ, સંકુલ અને ધર્માંધ
   - **B.** નિખારીને, કંડારીને પૂર્ણ અને ઉન્નત
   - **C.** ઉન્નત, અધોમુખ અને ઉર્ધ્વમુખ
   - **D.** જટિલ, મુશ્કેલ અને શિસ્તબદ્ધ

2. વાચનના પ્રભાવથી શું બદલાય છે?
   - **A.** વ્યક્તિનું માનસ, વિચારસરણી અને જીવનશૈલી
   - **B.** સમાજ, સંસ્કૃતિ અને રીતરિવાજ
   - **C.** જીવનધોરણ, એશોઆરામ અને સંબંધો
   - **D.** પહેરવેશ, વ્યવહાર અને ભાષાશૈલી

૩. સારા પુસ્તકો વાચકને કેવી રીતે માર્ગદર્શન આપે છે?
   - **A.** સફળ ઉદ્યોગપતિ, માર્ગદર્શક અને ગર્વિષ્ઠ નાગરિક
   - **B.** સાચો શિક્ષક, અજ્ઞાની સલાહકાર અને વિવેચક
   - **C.** જ્ઞાની મહાપુરુષ, અહિતચિન્તક અને મિત્ર
   - **D.** સાચા મિત્રો, સુખદુઃખના સાથી, સત્ય અને સ્પષ્ટ વક્તા

4. સારા પુસ્તકોના વાચનથી કેવા ગુણો કેળવાય છે?
   - **A.** ધર્માંધતા, માનવતા અને દિલાવરી
   - **B.** સ્વાર્થ, સહિષ્ણુતા અને ધાર્મિકતા
   - **C.** શ્રદ્ધા, હિંમત, બહાદુરી, પ્રેમ, ક્ષમા
   - **D.** બુદ્ધિમત્તા, સમજણશક્તિ અને મનસ્વિતા

5. રસ્કિનના **'unto the last'** નામના પુસ્તકને કારણે શું થયું?
   - **A.** ભારતનું ભાવિ બદલાયું અને ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ કંડારાયું.
   - **B.** દેશની પ્રગતિ અને સ્વવિકાસની તક મળી.
   - **C.** અસ્વસ્થ સમાજરચના રચવાની પ્રેરણા મળી.
   - **D.** જગતમાં ભારતની નામના અને સિદ્ધિની સંભાવના વધી

(બ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો. **5**

પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?
પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુરભિત,પુલકિત,મુખરિત શ્વાસ?
કોણ બદલતું સંધ્યાકાશે પલ પલ નવલા પ્રેમલ ચીર?
કોણ ઊછળતી મોકલતું નિજ કુમળી ઊર્મિ સરવરતીર?
અહો!,ગૂંથતું કોણ પૃથ્વીને સેંથે ઝાકળ-મોતી-માળ?
તરુએ તરુએ ફળતી કોની આશા કેરી શાખ રસાળ?
કોના કંકણ બાજે એકલ સરિતા કેરે સૂને ઘાટ?

પર્વતને શિખરે સ્થિર બેસી કોણ સનાતન જોતું વાટ?
આ સારસની જોડ વિશે ઊઠી છે કોની ઝંખનઝાળ?
અહો, ફલંગે કોણ અધીરું વાદળ વાદળ માંડી ફાળ?
અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ?
કાળ તણી ધરતીમાં કોણ ખોદી રહ્યું જીવનના કૂપ?

પ્રશ્નો –

1. કવિ સંધ્યાકાશને કેવું કહે છે?
   A. જીવનના રંગો દર્શાવતુ
   B. પોતાની ખુશીમાં મસ્ત રહેતું
   C. પલ પલ નવલા પ્રેમલ ચીર બદલતું
   D. અબીલ-ગુલાલના રંગ ઉડાડતું
2. સરોવર માટે કવિએ શી કલ્પના કરી છે?
   A. સહાનુભૂતિની ખેવના કોણે મૂકી?
   B. પરોપકારની ભાવના ક્યાંથી આવે?
   C. પંડમાં સમાય એવી આરજૂ કોની હશે?
   D. કોણ પોતાની કુમળી ઊર્મિ મોકલતું હશે?
3. નદીના વહેતા જળમાં કવિને શું સંભળાય છે?
   A. કંકણનો ખણકાર
   B. પંખીઓનો મધુર ટહુકો
   C. પાણીનો ખળખળ અસ્વર
   D. માછલીઓનો તરવરાટ
4. પુષ્પ તણી પાંદડીએ બેસી ......પંક્તિ પૂર્ણ કરો.
   A. કોણ ગૂંથતું પૃથ્વીને સેંથે ઝાકળ-મોતી-માળ?
   B. હસતું કોણ ચિરંતન હાસ?
   C. કોની પડે હથોડી ચેતનરૂપ?
   D. કોણ ખોદી રહ્યું જીવનના કૂપ?
5. સારસની જોડના હૃદયમાં શું ઊઠે છે?
   A. વિરહનો અગ્નિ
   B. પ્રેમની ઝંખનઝાળ
   C. એકલતાની ઊર્મિ
   D. અણગમાનો ભાવ

## (Literature)

પ્રશ્ન 2 (અ)નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ) 5

1. 'ક્રોધી સ્વભાવને જીતવો ને' કાવ્યમાં ગંગાસતીએ શો સંદેશ આપ્યો છે?
   A. કોઈપણ ભોગે લક્ષ્ય સિદ્ધ કરવાનો
   B. પરિસ્થિતિને અનુકૂળ બનાવાનો
   C. માનવજાતને આદર્શનો સંદેશ
   D. સત્યના રાહ પર જીવન અસાર્થક કરવાનો
2. 'વતનનો તલસાટ' કાવ્યનો પ્રકાર જણાવો.
   A. ભજન

B. ઊર્મિકાવ્ય

C. લોકગીત

D. સોનેટ

3. પ્રભુલાલ દ્વિવેદી કયા કાર્યમાં સંકોચ ન રાખવો અને શાનાથી ડરવાનું કહે છે?

A. અનુચિત, ઉચિત

B. સત્કાર્ય, દુષ્કાર્ય

C. ધર્મકાર્ય, સેવાકાર્ય

D. અપકૃત્ય, લોકસેવા

4. માનવીએ ક્યારેય ગર્વ ન કરવો કારણ કે..... વાક્ય પૂર્તિ કરો.

A. શાણા સજ્જનતા ત્યજતા નથી.

B. શૂરા મુસીબત જોઈ ભયભીત નથી થતાં.

C. ભૂપતિમાંથી ભિખારી બનતાં વાર નથી લાગતી.

D. સમય જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

5. પોઢેલી પાંપણના પડદા ઉપાડવા એટલે શું?

A. અજ્ઞાનનો અંધકાર દૂર કરવો

B. જીવનની એકલતા દૂર ન કરવી

C. વાસ્તવિક જ્ઞાન મેળવવું

D. અન્યયીઓને ન્યાય આપવો

6. શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે?

A. ઈચ્છાઓ પૂર્ણ કરનારનો ઉપકાર માનવો

B. જીવનની વાસ્તવિકતા અને જીવનઘડતરનું મૂલ્ય જાણવું

C. મોહમાયાને પામીને પરમતત્વ એટલે કે ઈશ્વરને પામવું

D. મોહમાયાને ત્યાગીને પરમતત્વ એટલે કે ઈશ્વરને પામવું

7. વડલાના હૈયામાં શું સમાયેલ છે?

A. ફળ-ફૂલ અને પાંદડાં

B. લોકોના આશિષ

C. પંખીઓના મીઠા ટહુકા

D. ઘટાદાર છાંયડો

(બ) નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. *(કોઈપણ પાંચ)* **10**

1. કુસુમનું મુખકમળ શાથી નમી ગયું? તેણે શું કર્યું?

A. કુમુદના દુઃખ અને વેદનાથી – તે ચૂપ રહી

B. માલણની મીઠી ટકોરથી -તેની વાત ન માની

C. સુંદરના શબ્દવૃષ્ટિના પ્રવાહથી – સુંદરની પાછળ ચાલવા લાગી

D. વિદ્યાચતુરના આકરા વેણથી – સામો ઉત્તર ન આપ્યો

2. નારાયણ હેમચંદ્રને કયા કયા શોખ હતા?

A. ગરીબોને મદદ કરીને પુણ્યનું ભાથું બાંધવાનો

B. જુદા જુદા લોકોને મળીને તેમની સેવા કરવાનો

C. પુસ્તકો લોકો સુધી પહોંચાડવાનો અને પ્રવાસપ્રીતિ

D. પુસ્તકોનું ભાષાંતર લોકો સુધી પહોંચાડવાનો અને પ્રવાસપ્રીતિ

3. 'મોરનાં ઈંડાં' પાઠનો પ્રકાર જણાવી તે કયા પુસ્તકમાંથી લેવાયો તે શોધો.

A .આત્મકથાખંડ - સત્યના પ્રયોગો

B .નવલકથાખંડ - ગાંધીજીનો અક્ષરદેહ

C .નવલિકા - માનતા

D. ટૂંકીવાર્તા - ખરી કેળવણી

4. 'અમારો એકનો એક રાજકુમાર સદા છે તેવો ને તેવો ફૂટડો અને જુવાન રહે એવી અમારી ઇચ્છા છે.' આ વાક્ય કોણ, કોને કહે છે?

A .રાજરાણી, પ્રભાશંકર

B .સિદ્ધપુરુષ, રાજારાણી

C .રાણી, સિદ્ધપુરુષ

D .ચિરાયુ, સિદ્ધપુરુષ

5. રાજારાણીની સામે ચિરાયુએ તરછોડેલી રાણીએ આત્મહત્યા કરી ત્યારે તેમણે શું વિચાર્યું? આ ઉક્તિ કઈ કૃતિની છે?

A. હવે પછી ચિરાયુના લગ્ન નહિ કરાવે - નારાયણ હેમચંદ્ર

B. આના કરતાં જુવાની ન હોય તો સારું – થીંગડું

C. સિદ્ધપુરુષને વિનંતી કરીને રાણીને પુનઃજીવિત કરવાનું - મોરના ઈંડાં

D. આના કરતાં જુવાની હોય તો સારું – થીંગડું

6. મનુષ્યના વેશ નહિ, કિન્તુ તેનાં મન વૃત્તિ બદલવા ... *(ઉક્તિ પૂર્ણ કરો.) પાઠના લેખક કોણ છે?*

A. કેવળ નામ નહિ, કામ બદલવા જોઈએ. - જૉસેફ મેકવાન

B. સમય નહિ, સંજોગ બદલવા જોઈએ. - અખો

C. કેવળ નામ અને કામ બદલવાં જોઈએ- પ્રભુલાલ દ્વિવેદી

D. મનની વૃત્તિ અને વિચારોને બદલવા જોઈએ. – ચંદ્રવદન મહેતા

7. અખો ક્યાં અને કયા હોદ્દા પર કામ કરતો હતો?

A. રાજાના દરબારમાં - શાળાના ઉપરી

B. બાદશાહના મહેલમાં - સેનાના ઉપરી

C. મહાજનના મહેલમાં - ટંકશાળાના ઉપરી

D. બાદશાહના મહેલમાં - ટંકશાળાના ઉપરી

## (Applied grammar)

પ્રશ્ન 3.(અ)સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ) 5

1.નીચેનામાંથી 'તુંબડીમાં કાંકરા હોવા' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

A. કશી જ સમજ ન પડવી

B. ખૂબ હોશિયાર હોવું

C. તક ઝડપવી

D. મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થવું

2. નીચેનામાંથી 'વારી જવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

A. મન મક્કમ કરવું

B. સમય પારખવો

C. ફિદા થઈ જવું

D. અવાક્ બની જવું

3. નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે?

A. કસોટીએ ચડાવવું – ખાતરી ન કરવી

B. માઠું લાગવું – ખરાબ લાગવું

C. કાન દેવા – ધ્યાનથી ન સાંભળવું

D. જીવને ટાઢક વળવી – અસંતોષ થવો

4.નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી?

A. પાછા પડવું – નિષ્ફળ જવું

B. ઉચાળા ભરવા – સમાન લઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું

C. જોખમ ખેડવું – સાહસ કરવું

D. આંચ ન આવવી – આગ લગાવી

5. નીચેનામાંથી 'બે પાંદડે થવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

A. આર્થિક પરિસ્થિતિ સુધરવી

B. અવળા પાસા પડવા

C. કાળજીપૂર્વક કામ કરવું

D. એકની એક વાત પકડી રાખવી

6. નીચેનામાંથી 'ઠેકાણે પડવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

A. એક જગ્યાએ સ્થિર ન રહેવું

B. મન ઉદાર રાખવું

C. ધંધે વળગવું

D. વિજય મેળવવો

(બ)સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ચાર) 4

1. નીચેના કહેવત-જોડકાંમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો.

A. ભલાઈ કરતાં ભૂત વળગે – ન બોલ્યામાં નવ ગુણ

B. ભૂખ્યું એને કાંઈ ન દુખ્યું. – ખાધું ખભે આવે.

C. સત્તા પાસે શાણપણ નકામું – હોય શાન તો જગમાં માન

D. ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે. – મહેનત કરે તે જ ફળ મેળવે

2. નીચેનામાંથી 'તારું મારું સહિયારુ ને મારું મારું આગવું. –આ કહેવતનો સાચો અર્થ લખો.

A. પોતાની વસ્તુ પોતાની પાસે રાખવી અને બીજાની વસ્તુમાં ભાગ પડાવવો

B. બીજાની વસ્તુ પોતાની પાસે રાખવી અને પોતાની વસ્તુમાં ભાગ પડાવવો.

C. બીજાની વસ્તુ વહેચવીને અને પોતાની વસ્તુ વેચવી.

D. પોતાની વસ્તુનું મૂલ્ય સમજવું અને બીજાની વસ્તુને નિર્મૂલ્ય ગણવી.

3. ઘણા બધા તાંતણા ભેગા થાય તો તે ખૂબ જ મજબૂત બને છે. - આ કઈ કહેવતનો અર્થ છે?

A. બળિયાના બે ભાગ

B. બહુ તંતુ બળવંત

C. જીવતો હાથી લાખનો, મૂએ સવા લાખનો.

D. કજિયો વેચાતો લેવો

4. 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ' કહેવતનો સાચો અર્થ શોધો.

A. અસત્ય લાંબો સમય ટકતું નથી.

B. દૃષ્ટિ અને નજર બીજા પર આધાર રાખે છે.

C. જેવા પોતે હોય તેવા જ અન્ય પણ લાગે.

D. સમયને સાચવી જાણે તે જ ખરો નર.

5. નીચેનાં કહેવત-જોડકાંમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો.

A. વાડ વિના વેલો ન ચડે – સમયને સાચવે તે સાચો.

B. રૂપ ડૂબાડે ગુણ તારે. – ઝેરનું મારણ ઝેર.

C. નમ્યું તે પ્રભુને ગમ્યું. – દગલબાજ બમણું નમે.

D. અતિ લોભ તે પાપનું મૂળ. – લોભે લક્ષણ જાય.

(ક)સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર શોધો. (કોઈપણ ત્રણ) 3

1. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.
   A. તમે જ કહો છો જીવન સંકુલ છે. તમારે દુઃખી હૃદયે મારો ત્યાગ કર્યો.
   B. જે સત્ય મને જડ્યું નથી તે સત્યને શોધવા માટે હું કોઈપણ વસ્તુ ત્યાગવા તૈયાર છું.
   C. આપણી આસપાસ ઘણું બન્યા કરે છે અવલોકનથી ઘણું ન શીખી શકાય.
   D. પોતે શીખવેલા સાચા સંસ્કારનું અવમૂલ્યન થતાં માતાની આત્મા દુઃખી થઈ.
2. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ કયું વાક્ય અયોગ્ય છે?
   A. જેમ આપણે ઘરમાં વસીએ છીએ તેમ ઘર આપણામાં વસે છે.
   B. ધીમે ધીમે નયનને લાગ્યું કે આ લક્ષ્યને સિદ્ધ નહિ કરી શકાય.
   C. જો તમે સખત મહેનત કરશો તો જીવનમાં અવશ્ય સફળ થશો.
   D. કોઈપણ નિર્ણય નિશ્ચય લેતા પહેલા કદી વિચાર નહિ કરવો જોઈએ.
3. નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય શોધો.
   A. ઝળહળી ઊઠે છે પ્રભાતનાં સુવર્ણ કિરણોમાં વેનિસ સુવર્ણનગરી સમી.
   B. પ્રભાતનાં સુવર્ણ કિરણોમાં વેનિસ સુવર્ણનગરી સમી ઝળહળી ઊઠે છે.
   C. પ્રભાતનાં વેનિસ સુવર્ણનગરી સમી ઝળહળી ઊઠે છે સુવર્ણ કિરણોમાં.
   D. કિરણોમાં વેનિસ સુવર્ણનગરી પ્રભાતનાં સુવર્ણ સમી ઝળહળી ઊઠે છે.
4. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય શોધો.
   A. ખેડૂતો પાયમાલ થયા અને કારીગરવર્ગ બેકાર બન્યો.
   B. સતીશ 'માનવીની ભવાઈ', 'હિમાલયનો પ્રવાસ' અને 'કુરુક્ષેત્ર' વાંચી.
   C. ઑફિસમાં સફાઈકામ કરતા કર્મચારીઓ એકઠા થવાના છે.
   D. એક ગૌતમ નામના ઋષિ હતા.

(ડ) નીચેનાં વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ત્રણ) 3

1. નીચેનાં વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય શોધો.
   A. શિક્ષકે વિદ્યાર્થીઓને જીવનમાં સચ્ચાઈ મૂલ્ય સમજાવ્યું છે.
   B. રમણભાઈ દૂધના હિસાબ માટે ભીંત પર પથ્થરથી લીટીઓ દોરી રહ્યા છે.
   C. ભારતવાસીઓ માટે મતદાન કરવું મરજિયાત હશે.
   D. તેણે પગથિયાં પાસેનો થાંભલો પકડ્યો અને ત્યાં જ બેસી ગયો.
2. નીચેનાં વાક્યોમાંથી ચાલુ ભૂતકાળનું વાક્ય શોધો.
   A. પત્રકારો ગયા એ વાતની મેં ભદ્રંભદ્રને જાણ કરી એટલે તેમણે ચક્ષુ ખોલ્યા.
   B. કવિ માત્ર કલ્પનાના ઘોડા જ નથી દોડાવતા કુદરતના તત્વને પણ માણે છે.
   C. ગુલાબના નયનમધુર સૌંદર્યનું પ્રગટવું એ સુખદ અનુભવ હતો.
   D. મીરાં સંસારરૂપી વૃંદાવનની કુંજગલીઓમાં ગિરિધરની લીલાના ગુણગાન કરી રહ્યાં હતાં.
3. નીચેનાં વાક્યોમાંથી પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય શોધો.
   A . હું આ પૈસા તારી અંગત જરૂરિયાત અને જરૂરિયાતમંદોને સહાય માટે આપું છું.
   B . નીલાને જતી રોકવાનું એને મન થયું પણ ઉપકારના બોજથી તેના હોઠ બિડાઈ ગયા.
   C. વૈજ્ઞાનિકોએ વસ્તુનું આત્મભુત સત્ય અનેક શોધો દ્વારા સાબિત કર્યું હશે.
   D. સાચી સમજણ વિના વ્યક્તિના શબ્દોનું રહસ્ય સમજી શકવું દુષ્કર બનશે.
4. નીચેનાં વાક્યોમાંથી સાદા ભૂતકાળનું વાક્ય શોધો.
   A. સત્યના પૂજારીને સ્વતંત્ર સત્યની ઝાંખી દુર્લભ હતી.
   B. વીણામાંથી એવું તો દિવ્ય સંગીત નીકળતું હતું કે હું તો પીતો જ રહ્યો.

**C.** સુભાષચંદ્ર બોઝે દેશની આઝાદી માટે પ્રાણની આહુતિ આપી.

**D.** હું મુસાફરીના મધુર સંસ્મરણોમાં ખોવાઈ ગયો હતો.

## PART B 40

## (Literature)

**(અ)** નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (<u>કોઈપણ બે</u>) **4**

**1.** ગંગાસતી કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનું કહે છે?

**2.** અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ શો સંદેશ આપે છે?

**3.** 'હોડી' અને 'સંસાર'ના પ્રતીકો સ્પષ્ટ કરો.

**(બ)** નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (<u>કોઈપણ એક</u>) **3**

**1.** વડલો ને પંખીડાં' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરી કાવ્યનું હાર્દ સમજાવો.

**2.** વતનાનો તલસાટ' કાવ્યમાં આલેખાયેલો કવિનો કલ્પાંત આલેખો.

**3.** નગરજીવનની વેધકતા કવિ શી રીતે પ્રગટાવે છે?

પ્રશ્ન **5. (અ)**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈપણ ત્રણ) **9**

**1.**'પૂંજા મેજરની લગની' ચરિત્ર નિબંધને આધારે પૂંજાની નિઃસ્વાર્થપરાયણતા ચર્ચો.

**2.** મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કેવી રીતે કરી?

**3.** સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

**4.** 'ડાઘ' લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.

**5.** નારાયણ હેમચંદ્રનું ચરિત્ર ચિત્રણ કરો.

**(બ)** નીચેના સહિત્યકારનો આશરે દસ-બાર વાક્યોમાં પરિચય આપો. (<u>કોઈપણ એક</u>) **4**

**1.** ઉમાશંકર જોશી

**2.** દલપતરામ

## (Effective writing Skill)

પ્રશ્ન **6.** નીચે આપેલ વિષય પર આપેલા મુદ્દાને આધારે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. (<u>કોઈપણ એક</u>) **8**

**1.** મોંઘવારીના સંદર્ભે મધ્યમવર્ગના માનવીની હાડમારીઓ:

મુદ્દા : પ્રસ્તાવના – વર્તમાન પરિસ્થિતિ – મોંઘવારી વધવાનાં કારણો – મોંઘવારીની સામાન્ય લોકો પર અસર – મોંઘવારીના વિષચક્રથી અર્થતંત્રને બચાવવાના ઉપાયો – ઉપસંહાર.

**2.** જીવનમાં ઉત્સવોનું મહત્ત્વ:

મુદ્દા : પ્રાસ્તાવિક – પરંપરાગત ઉત્સવો – ઉત્સવોનું જીવનમાં મહત્ત્વ – ઉત્સવોની ઉજવણીમાં અવિવેક – ઉપસંહાર.

**3.** કુદરતના હાસ્ય અને તાંડવ:

મુદ્દા : પ્રાસ્તાવિક – કુદરતનાં રમણીય રૂપો – કુદરતનાં રૌદ્ર રૂપો – સજીવસૃષ્ટિ પર અસર – ઉપસંહાર.

પ્રશ્ન **7.** પર્યાવરણની જાળવણી અંગે યોજાયેલા એક કાર્યશિબિરની સાથે ઉજવાયેલા વૃક્ષારોપણ દિનની માહિતી આપતો અહેવાલ વર્તમાનપત્રના તંત્રીને લખો. **6**

અથવા

તમારા શાળામાં યોજાયેલા રાષ્ટ્રીયકક્ષાના પુસ્તકમેળા વિશે આશરે **100** શબ્દોમાં અહેવાલ લખો.

પ્રશ્ન **8.** દૂધસાગર ડેરીની મુલાકાત માટે મંજૂરી માગતો પત્ર ડેરીના મેનેજરને લખો. **6**

અથવા

તમારા વિસ્તારમાં રોગચાળો ફેલાયો છે એ વિશે પગલાં લેવા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીને પત્ર લખો.